## ગાંધીનગરમાં નવરાત્રી પાંચમું નોરતું

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવના છઠ્ઠા નોરતે ગાયક કલાકાર ભૂમિક શાહ અને આનલ વસાવડાના મધુરકંઠે ગરબાના સુર રેલાશે.
- સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા સેક્ટર-૨૨, ગબ્બર ચોક ખાતે મહેશભાઈ ઝાલા એન્ડ ગ્રુપના મહેશભાઈ ઝાલાના કંઠે રાત્રીના ૯.૩૦ કલાકે ગરબાની રમઝટ જામશે.
- નવરાત્રી મહોત્સવ યુવા સમિતિ દ્વારા સે. ૧૭ ખાતે રાત્રીના ૯.૦૦ કલાકે ધમાભાઈ નાયક ગૃપના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા સે. ૧૧ના થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે ૮.૩૦ કલાકે સત્યેન વાઘેલાના મધુર કંઠે ગરબાની પ્રસ્તુતિ થશે.
- નવરાત્રી સમિતિ સે. ૩-ન્યુ દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે આર.કે. ગૃપના સ્વીટુ બારોટના મધુર કંઠે ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા સે. ૩-સી શક્તિ ચોક ખાતે રાત્રીના ૮.૩૦ કલાકે મા મ્યુઝિકલ પાર્ટીના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ સે. ૫-સી દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે સે. ૫ ના નવરાત્રી ચોક ખાતે બ્રહ્માણી મ્યુઝીકલ ગ્રુપના દલસુખ પ્રજાપતિના મધુરકંઠે ગરબાની પ્રસ્તુતી થશે.
- શક્તિ મંડળ દ્વારા સવારના ૧૦ થી ૧૨ કલાક દરમિયાન ગોમતીબેનના યજમાન પદે અંબાજી મંદિર સેક્ટર-૧૪ ખાતે આનંદનો ગરબો યોજાશે.
- ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા બપોરના ૨.૦૦ કલાકે બ્લોક નં. ૯ની સામે, જુના સચિવાલય ખાતે રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાશે.
- ગ્રો કલબ, સાધના ક્લબ અને જી.ઈ. ક્લબ દ્વારા લાયન્સ ક્લબ ગ્રાઉન્ડ સે. ૧૧ ખાતે બાળુડાના ગરબા સાંજે ૫.૩૦ કલાકે યોજાશે.

# આવી આસોની રઢિયાળી રાત મોરી માત....


ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે યુવા ધન ઉમટ્યું

# ભલે ગરબામાં ખવડાવવાનું હોય, એડવાન્સ તો આપવું જ પડશે સાહેબ..!!!

**વરસાદી વિઘ્નના કારણે ઓર્ડર કેન્સલ થવાની શક્યતાઓ વધતા ખાણી-પીણી વ્યવસાયિકોએ એડવાન્સની રકમ વધારી : ઓર્ડર કેન્સલ કરવાની સ્થિતિમાં ૫૦ ટકા નાણાં ચુકવવા શરત રખાઈ રહી છે**

ગાંધીનગર, તા. ૫

નવરાત્રીમાં માત્ર રાસ-ગરબા જ નહી પરંતુ હવે તો નાસ્તા-પાણીનું પણ મહત્વ એટલુ જ છે. આ વર્ષની નવરાત્રીમાં વરસાદ વિઘ્ન બની રહ્યો છે. તેના કારણે વિવિધ નાસ્તા તથા ખાણી-પીણીના વેપારીઓ પણ ચિંતામાં મુકાયા છે. વળી, શહેરના શેરી-ગરબામાં ચાલતા નાસ્તાના ચલણના કારણે મળતા ઓર્ડરમાં તેઓ હવે એડવાન્સની રકમ વધારી સાવચેતી અપનાવી રહ્યા છે.

શેરી નવરાત્રીમાં છેલ્લા કેટલાક વર્ષથી નાસ્તાનો ટ્રેન્ડ ચાલુ થયો છે. જેમાં સેક્ટરોની નવરાત્રીમાં આયોજકો દ્વારા દાન-ફંડ ઉઘરાવી નાસ્તાનું આયોજન કરાય છે. જ્યારે ફ્લેટ-એપાર્ટમેન્ટ્સની સોસાયટીઓમાં બ્લોકવાઈઝ વારા કાઢી નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવે છે. વળી, નવરાત્રીની દરેક રાત્રે અલગ અલગ નાસ્તો હોય તેનું ખાસ ધ્યાન રખાય છે.

આ નાસ્તાની વ્યવસ્થા માટે શહેરમાં ખાણી-પીણીનો વ્યવસાય કરતા વ્યવસાયિકોને આગોતરા ઓર્ડર આપવામાં આપી દેવાય છે. દર વર્ષે નિયમિત ઓર્ડર આપનારા આયોજકો પાસેથી અત્યાર સુધી ઘણા વ્યવસાયિકો ઓર્ડર પેટે એડવાન્સ નાણાં પણ લેતા નહોતા પરંતુ વરસાદના કારણે પરિસ્થિતિ બદલાઈ છે. હવે વરસાદના કારણે ઓર્ડર કેન્સલ થવાના કિસ્સા વધી રહ્યા હોવાથી આ વ્યવસાયિકોએ વિશ્વાસને થોડો કોરાણે રાખી ''એડવાન્સ'' માંગવાનું ચાલુ કર્યું છે. વળી, વ્યવસાયિકો પહેલેથી 'એડવાન્સ' લેતા હતા જે દસ ટકા જેટલુ માત્ર 'ટોકન' સ્વરૂપે જ લેવાતુ હતુ. જેમાં રકમ અત્યંત મામુલી રહેતી હતી. હવે વેપારીઓ કુલ ઓર્ડર એમાઉન્ટના ૨૫ ટકાથી ૪૦ ટકા સુધી વધારી દેવામાં આવ્યું છે.

ટોકન એડવાન્સ ઉપરાંત હવે ખાણી-પીણીના વ્યવસાયિકો દ્વારા ઓર્ડર લેતા નવરાત્રીના આયોજકો સમક્ષ એક શરત પણ કરવામાં આવી રહી છે.

જેમાં ઓર્ડર કેન્સલ કરવાની જાણ ઓર્ડર સમયના ત્રણથી ચાર કલાક પહેલા કરવા જણાવાઈ રહ્યું છે. એકવાર નાસ્તા બની ગયા પછી ઓર્ડર કેન્સલ કરવાનો થાય તો ૫૦ ટકા પૈસા ચુકવવા પડશે તેવી ચોખવટ કરવામાં આવી રહી છે. આમ વરસાદી વિઘ્ન શહેરના નવરાત્રી અર્થતંત્રને ભારે અસર પહોંચાડી હોય તેવુ જણાય છે.






## શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં નવરાત્રી

શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં નવરાત્રીના પાવન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાની તમામ વિદ્યાર્થીનીઓ ટ્રેડીશનલ ડ્રેસમાં સજ્જ થઈ ઉલ્લાસભેર ગરબે ઘૂમી હતી. અંતે શાળાના આચાર્યા નીરૂબેન પટેલના હસ્તે વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

## રોહિત સમાજ તેજસ્વી તારલાઓનો સન્માન કરશે

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૧૩ નવેમ્બરને રવિવારના રોજ બપોરના ૧ કલાકે સંત શ્રી રોહિદાસ સેવા સંકુલ સે. ૬ ખાતે સમાજના સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. તેજસ્વી તારલાઓનો અને નિવૃત્ત થયેલા તમામ સરકારી અર્ધસરકારી બેંક, એલઆઈસી કર્મચારીઓનું સન્માન કરવામાં આવશે. અરજદારોએ તેમની વિગતો પી.જે. રાઠોડના નિવાસસ્થાને સે. ૨૭, પ્લોટ નં. ૧૩૨૫ શિવમ સોસાયટી, કરશનભાઈ પરમારના બી-૧૨ ભવસાગર સોસાયટી, જવાહર ટટટચોક, સાબરમતી તેમજ કાલીદાસ બી. પરમારને ૧૫, રહસ્ય સોસાયટી અમદાવાદ ખાતે મોકલી દેવા.

## ગાંધીનગર કલ્ચરલ ફોરમ નવરાત્રી મહોત્સવ-૨૦૧૬ના વિજેતાઓ

| કેટેગરી | વિનર | રનર્સઅપ | વિનર | રનર્સઅપ |
|---|---|---|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) | ધનંજય સોલંકી | વત્સલ પટેલ | જયની ભટ્ટ | બિરવા અખાણી |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ સુધીના) | મહર્ષી પટેલ | કવન ભટ્ટ | દૈહુતી વ્યાસ | જીલ ભટ્ટ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ સુધીના) | સ્મિત કંદોઈ | નીલ શાહ | મૈત્રી મર્ચન્ટ | હેમાક્ષી ઓડેદરા |
| બેસ્ટ ડ્રેસ | નિરવ પંચાલ | હર્ષદીપ પરમાર | દૃષ્ટિ દેસાઈ | રીધ્ધી ડાભી |
| બેસ્ટ કિંગ અને ક્વીન | ભાવેશ એરડા | હસમુખ પટેલ | મેઘલ એરડા | રેખા સોની |
| બેસ્ટ પેર | અર્જુન રજવાણીયા | ખુશ્બુ ભાવસાર | નિતિન શિકારી | ઈશા ભટ્ટ |
| બેસ્ટ પરફોર્મ્સ (પ્રિન્સ-પ્રિન્સેસ) | નૃપેશ પૂરબયા | પ્રકાશસિંઘ પરમાર | દક્ષા રાવલ | માર્ગી એન્જીનીયર |